RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 06* Date: 26.10.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## બ્રિટનમાં હિન્દુ પીએમનો ૨૮મી ઓક્ટોબરે શપથગ્રહણ સમારોહ

લંડન,તા.૨૫

ભારતીય મૂળના રિશિ સુનક બ્રિટનના વડાપ્રધાન બનશે. બ્રિટનમાં પ્રથમ વખત હિન્દુ નેતા વડાપ્રધાનપદે બેસશે. રિશિ સુનક બ્રિટનના પ્રથમ અશ્વેત વડાપ્રધાન પણ બનશે. ૨૮મી ઓક્ટોબરે રિશિ સુનક બ્રિટિશ વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કરશે. છેલ્લાં હરીફ પેન્ની મોર્ડન્ટે ઉમેદવારી પાછી ખેંચી લેતા સુનકનો વડાપ્રધાન બનવાનો માર્ગ મોકળો થયો હતો. દિવાળીના દિવસે જ હિન્દુ નેતાની પસંદગી થઈ હતી.

રિશિ સુનક અને પેન્ની મોર્ડન્ટ વચ્ચે બ્રિટનના વડાપ્રધાન બનવા માટે સ્પર્ધા ચાલતી હતી. બંનેમાંથી જેને કન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદોનું સૌથી વધુ સમર્થન મળે તેમને વડાપ્રધાનપદનો તાજ મળવાનો હતો. રિશિ સુનકને કન્ઝર્વેટિવ પાર્ટીના ૩૫૭માંથી અડધો અડધ સાંસદોનું સમર્થન અગાઉથી જ મળી ચૂક્યુ હતું. આખરે કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા પેન્ની મોર્ડન્ટે નામાંકન પાછું ખેંચી લેતા રિશિ સુનકનો વડાપ્રધાન બનવાનો માર્ગ મોકળો થયો હતો. બ્રિટનના વડાપ્રધાન બનવાની રેસમાં રિશિ સુનક એકમાત્ર નેતા રહ્યા હતા. આખરે તેમને વડાપ્રધાન બનાવવાની જાહેરાત થઈ હતી. અગાઉ બોરિસ જહોન્સન પણ ફરીથી વડાપ્રધાન બનવાની સ્પર્ધા હતા, પરંતુ તેમણે પીછેહઠ કરી લેતા બે ઉમેદવારો વચ્ચે સ્પર્ધા થાય એવી શક્યતા હતા.

બોરિસ જહોન્સનના રાજીનામા બાદ કન્ઝર્વેટિવ પાર્ટીમાં મતદાન થયું હતું, જેમાં રિશિ સુનક અને લિઝ ટ્રસ વચ્ચે સીધી સ્પર્ધા થઈ હતી. સાંસદોની પહેલી પસંદ સૂનક રહ્યા હતા, પરંતુ પાર્ટીના મતદારોએ લિઝ ટ્રસને સૌથી વધુ મતો આપતા લિઝ ટ્રસ બ્રિટનનાં વડાપ્રધાન બન્યા હતા.જોકે, તેમણે ચૂંટણી વખતે આપેલા વાયદા પૂરા ન થતા અને આંતરિક અસંતોષ વધતા આખરે ૪૫ દિવસ વડાપ્રધાનપદે રહ્યા બાદ રાજીનામું આપી દીધું હતું. તેમના પર રાજીનામું આપી દેવાનું દબાણ હોવાનું કહેવાતું હતું. એ પછી ફરીથી નવા વડાપ્રધાનની પસંદગી પ્રક્રિયા શરૂ થઈ હતી. ૧૦૦ સાંસદોના સમર્થન સાથે રિશિ સુનકે ફરી વખત સ્પર્ધામાં ઝંપલાવ્યું હતું. બોરિસ જહોન્સન પણ મેદાનમાં ઉતર્યા હતા.

જોકે, જહોન્સનના મંત્રાલયમાં સામેલ અનેક નેતાઓએ રિશિ સુનક પર પસંદગી ઉતારી હતી. એટલે જહોન્સને આખરે પીછેહઠ કરી દીધી હતી. બોરિસ જહોન્સન સરકારમાં મંત્રી રહેલા ભારતીય મૂળના પ્રીતિ પટેલે રિશિ સુનકનું સમર્થન કર્યું હતું. તે સિવાય કેબિનેટ મંત્રી જેમ્સ ક્લેવર્લી અને નદીમ જહાવીએ પણ રિશિ સુનકને ટેકો આપ્યો હતો.

રિશિ સુનકના નામની જાહેરાત થયા બાદ કાર્યકારી વડાપ્રધાન લિઝ ટ્રસે ટ્વિટ કરીને રિશિને અભિનંદન પાઠવ્યા હતા અને તેમનું સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું. રિશિ સુનકે ટ્વિટરમાં બોરિસ જહોન્સ અંગે ખેલદિલીપૂર્વક લખ્યું હતું કે જહોન્સને દેશની કટોકટીના સમયમાં સેવા આપી છે. દેશ તેમને એ રીતે યાદ કરશે. તેમણે વડાપ્રધાનપદની રેસમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો એ પછી પણ તેઓ જાહેર સેવામાં તેમના અનુભવનો લાભ આપે તેવી શુભેચ્છા.

રિશિ સુનકે ટ્વીટ કરીને વડાપ્રધાન બન્યા બાદ સૌથી પહેલા મંદ પડેલા અર્થતંત્રને સુધારવાની ખાતરી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે બ્રિટન એક મહાન દેશ છે અને મને વડાપ્રધાન તરીકે બ્રિટનની સેવા આપવાનો મોકો મળ્યો છે તેને સૌભાગ્ય ગણું છું.

## બાઈડને વ્હાઈટ હાઉસમાં દિવાળીની ઉજવણી કરી શુભકામનાઓ આપી

નવીદિલ્હી,તા.૨૫


સમગ્ર દેશમાં હાલમાં ધામધૂમપૂર્વક દિવાળીનો તહેવાર મનાવવામાં આવી રહ્યો છે. દિવાળીની ધૂમ માત્ર આપણા દેશમાં જ નહિ પરંતુ અમેરિકામાં પણ જોવા મળી રહી છે. વ્હાઈટ હાઉસમાં ઉત્સાહ અને ઉમંગભેર દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. યુએસ પ્રમુખ જો બાઈડેન અને ફર્સ્ટ લેડી ડૉ. જીલ બાઈડેને ભારતીય-અમેરિકનો સાથે તેમના સત્તાવાર નિવાસસ્થાન વ્હાઈટ હાઉસ ખાતે દિવાળીની ઉજવણી કરી હતી.

બાઈડન દંપત્તિએ સમારંભમાં પહોંચી દિવાળીની શુભકામનાઓ પાઠવી. આ કાર્યક્રમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ પણ હાજર રહ્યા હતા. યુએસ પ્રમુખ જો બાઈડેન અને ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે વ્હાઈટ હાઉસમાં ભારતીય-અમેરિકન સાથે મુલાકાત કરી અને તેમની શુભેચ્છાઓ આપી. વ્હાઈટ હાઉસ ખાતે દિવાળીની ઉજવણી દરમિયાન ભારતીય સંસ્કૃતિ મુજબ દીવાઓ પ્રગટાવવામાં આવ્યા, ફટાકડા ફોડવામાં આવ્યા હતા, મીઠાઈઓનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ.



ઋષિ સૌનુંક ઈંગ્લેન્ડના ભારતીય મૂળના પ્રથમ પ્રધાનમંત્રી બન્યા. ૩૫૭ સાંસદોમાંથી ડિજિટલ રીતે ૨૦૦ થી વધારે વોટ મળવાથી તેઓ માત્ર આઠ વર્ષમાં જ સાંસદમાંથી પ્રધાનમંત્રી બન્યા જે બદલ રાષ્ટ્રીય બ્રહ્મ પરિવારો વતી ઋષિજીને અનેક શુભેચ્છાઓ.















નવા વર્ષની આપ તથા

આપના પરિવારને

શુભકામનાઓ

## તંત્રી સ્થાનેથી...

# સ્થાનિકતાનું સમર્થન

સ્થાનિક ઉત્પાદનો ખરીદવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ સુખદ અને સ્વાગતયોગ્ય છે. વડાપ્રધાને ઈશારો કર્યો કે તે ચીનની સીમા પાસેથી અપીલ કરી રહ્યા છે અને બીજી તરફ તેમણે દિવાળીના ઠીક પહેલાં સ્થાનિક ઉદ્યોગોના ઉત્પાદનો તરફ લોકોનું ધ્યાન ખેંચ્યું. એ વાત છૂપી નથી કે દિવાળી સમયે ખૂબ ખરીદી થાય છે. એવામાં જો સ્થાનિક સામાન ખરીદવા પ્રત્યે લોકો સજાગ થયા તો અડધાથી વધુ સામાન આસાનીથી સ્થાનિક લઈ શકાય છે. જોકે વડાપ્રધાને ઓછામાં ઓછા પાંચ ટકા સ્થાનિક ઉત્પાદન ખરીદવાની અપીલ કરી છે, એટલે કે ઓછામાં ઓછા પાંચથી લઈને પચીસ-પચાસ ટકા સુધી પણ લઈ શકાય. કહેવાની જરૂર નથી કે બજારમાં દિવાળીના તહેવારોમાં નેવું ટકા વિદેશી ઉત્પાદનો ખડકાયેલા હોય છે. લ-મી-ગણેશની મૂર્તિથી માંડીને સજાવટના સામાન સુદ્ધાં વિદેશી હોય છે, એવામાં વડાપ્રધાનની અપીલ ભલે પર્યટન કેન્દ્રો અને પર્યટકોને સંબોધિત છે, પરંતુ તેની અસર સમગ્ર બજાર પર પડી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં લોકો સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે થોડા જાગૃત થયા છે, પરંતુ વિદેશી થનારી આયાત ઘટતી નથી.

વડાપ્રધાન કેટલીય વખત સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની વાત કહી ચૂક્યા છે, પરંતુ વાસ્તવમાં વિદેશી ઉત્પાદનો પ્રત્યેનો મોહ અને સ્થાનિક ચીજો પ્રત્યેનો અણગમો છૂટતો નથી. આત્મનિર્ભરતા તરફ વધતાં આપણાં કમજોર પગલાં આપણને ચિંતામાં મૂકે છે. સ્થાનિક ઉત્પાદનો ખરીદવાથી ન માત્ર ગરીબી ઓછી થાય છે, બલ્કે દેશ પણ આત્મનિર્ભર બને છે. જોકે પર્યટન પર જનારા લોકો દેશી-વિદેશી કે બાહ્ય-સ્થાનિક વિશે નથી વિચારતા, સ્થાનિક ઉત્પાદન ખરીદવાં તો એક આદત છે, દેશના વિકાસ માટે આ આદતને આપણા સંસ્કારમાં ઢાળી દેવી ખોટું નહીં ગણાય. લોકોને કરાતી અપીલ એની જગ્યાએ છે, પરંતુ સરકારોએ પણ સ્થાનિક સ્તર પર વધુને વધુ ખરીદી કરવી જોઈએ. એવું ન થાય કે સરકારો ખુદ તો વધુને વધુ વિદેશી સામાન ખરીદે અને આત્મનિર્ભરતાની સલાહ બીજા લોકોને આપે. વાસ્તવમાં આત્મનિર્ભરતા પણ એક આદત છે, જેને ઉત્તેજન મળવું જોઈએ. ધ્યાનથી જોવું જોઈએ, દિવાળી પર તમામ સરકારી કાર્યાલયોમાં જે સજાવટ થઈ રહી છે, શું તેમાં બધો સામાન સ્વદેશી લાગ્યો છે? દિવાળીના તહેવારોમાં તમામ પ્રકારના ઉત્પાદકોએ પણ બહેતર ઉત્પાદન માટે પ્રેરિત થવું જોઈએ. લ-ય માત્ર કમાણી જ નહીં, ઉત્પાદન સારું હોવું જોઈએ. એકંદરે જે દેશોનાં ઉત્પાદનો સારાં અને સસ્તાં હોય, તે તરફ લોકો ખેંચાશે જ. જોકે વિદેશથી આવતા સામાનની ગુણવત્તા વિશે કશી ગેરંટી આપી શકાય તેમ નથી. પરંતુ ચીજો સસ્તી હોવાને કારણે લોકો તે ખરીદવા આકર્ષાય છે. એવામાં દુકાનદારોએ સારા સ્થાનિક ઉત્પાદનોને શોધીને પોતાની દુકાન પર વેચવા જોઈએ.


## નૂતન વર્ષાભિનંદન

**ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ**

**અરવિંદસિંહ સોલંકી**



**ડો. નિકેત કે. આચાર્ય,**
**ફાઉન્ડર અને ચેરમેન - સ્પાઈસ્એર એકેડેમી,**
**ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ - નિક્સ રીમિયલ ગ્રુપ,**
**ફાઉન્ડર અને વાઈસ પ્રેસિડેન્ટ - શેયનિક્સ ઓર્ગેનાઈઝેશન,**
**ફાઉન્ડર અને ડાયરેક્ટર - બ્રહ્મ યુનિટી ફેડરેશન,**
**ફાઉન્ડર અને ડાયરેક્ટર - ગુજરાત આર્ટિસ્ટસ્ એસોસિએશનન,**
**કન્વીનર - એરોસ્પેસ અને એવિએશન સેક્ટર સ્કીલ કાઉન્સિલ** (AASSC - Skill India) **(ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ),**
**ફાઉન્ડર અને ડાયરેક્ટર - માં ચંડીસેના**
**વેર, દ્વેષ અને ખટરાગના અંધારાને ઓગાળીને પ્રેમ, હેત અને આનંદના પ્રકાશથી સુખ અને શાંતિથી જીવવાના પ્રણ સાથે ચાલો દિવાળીની ઉજવણી કરીએ.**

## આપ સૌને દિવાળી પર્વ તેમજ નવા વર્ષની શુભકામનાઓ




## પહેલાં મણકામાં રમા એકાદશીની, બીજા મણકામાં વાક્ બારસની, ત્રીજા મણકામાં ધન્વંતરિ તેરસની અને ચોથા મણકામાં કાળી ચૌદશ વિશે વાત કરી. અત્યારનો સમય જોતા આસો વદ અમાસની તિથિ પ્રારંભ થઈ ગઈ એટલે હવે મણકો ૫ - દિવાળી.)

માત્ર કેલેન્ડરનું પાનું ફાડી લેવાથી આસો વદ અમાસની આ ઘોર કાળી રાત્રી નથી આવી જતી પણ એના માટે એક આખું વર્ષ રાહ જોવી પડે છે. કોઈને વળી એમ થાય કે અંધકારની રાહ તો વળી કોઈ જોતું હશે ? પણ ના ! અજવાળા સાથે અંધારાનો પણ સ્વીકાર કરવો જ રહ્યો. વૃક્ષમાંથી લાકડું થઈને બારણું બની ગયેલાં તમારાં સમયને કોઈની નજરનું લીલું તોરણ બંધાય ત્યારે સમજવું કે દિવાળી છે.

અમાસની રાતનો ઘોર અંધકાર લાખો દીવાનાં પ્રકાશ સામે પરાસ્ત થયો ને બસ ત્યારથી ભારતવર્ષની સાંસ્કૃતિક પરંપરામાં એક સ્વર્ણિમ ક્ષણનો ઉમેરો થયો જે દીપોત્સવ, દીપાવલી કે દિવાળીનાં નામે ઓળખાયો. 'દીપ' એટલે 'પ્રકાશ' અને 'આવલી' એટલે 'હરોળ'. આ પ્રકાશની હરોળને દર વર્ષે દીવડાઓ પ્રગટાવીને ઉજવવામાં આવે એ દીપાવલી કે દિવાળી.

શ્રી રામની અયોધ્યા પરત ફરવાની તારીખને લઈને ઈતિહાસકારોમાં પણ ઘણી વાત મતમતાંતર જોવા મળે છે. શું આપણે ક્યારેય વિચાર્યું છે કે દર વર્ષે દશેરાનાં માત્ર ૨૧ દિવસ પછી જ દિવાળી કેમ આવે છે? વાલ્મીકિ રૂષિએ રામાયણમાં લખ્યું છે કે ભગવાન શ્રી રામને શ્રીલંકાથી અયોધ્યા સુધી પગપાળા ચાલવા માટે ૫૦૪ કલાક લાગ્યા. હવે જો આપણે ૫૦૪ કલાકને ૨૪ કલાકથી વિભાજીત કરીએ તો જવાબ આવે એકવીસ દિવસ.

મેં પણ કુતુહલતાથી ગૂગલ મેપ પર સર્ચ કર્યું હતું અને એ દર્શાવે છે કે શ્રીલંકાથી અયોધ્યા સુધી ચાલવાનું અંતર ૩૧૪૫ કિલોમીટર છે અને લેવાયેલો સમય ૫૦૪ કલાક છે. એટલે આમ જોવા જઈએ તો દશેરા પર રાવણનો વધ કરી અને લંકાથી અયોધ્યા પરત ફરતાં શ્રી રામને ૨૧ દિવસ લાગ્યા હતાં. હાલમાં, ગૂગલ મેપ્સ સંપૂર્ણપણે વિશ્વસનીય માનવામાં આવે છે. પરંતુ આપણે ભારતીયો તો ત્રેતાયુગથી દશેરા અને દીપાવલીની ઉજવણી કરતા આવ્યા છીએ, અને આજદિન સુધી પરંપરા મુજબ ઉજવી રહ્યા છીએ.

સાચે જ આપણી સનાતન હિન્દુ સંસ્કૃતિ કેટલી મહાન છે. અંધકાર સામે પ્રકાશનાં શાશ્વતી વિજયનું પ્રતિક એટલે દિવાળી. તો ચાલો અંતરનાં ટોડલે નાનો શ્રદ્ધાદીપ પ્રગટાવીએ અને દિલનાં દરવાજે આસ્થાનાં આસોપાલવનાં તોરણ બાંધીએ સાથે-સાથે શ્રી અને લક્ષ્મીનાં સાક્ષાત્ અવતાર સ્વરૂપ જાનકીનાં કુમકુમ પગલાંને વધાવીએ.

દિવાળીનાં દિવસે ખરા અર્થમાં મા લક્ષ્મીની પૂજા કરવાનું વિધાન છે કેમકે આ દિવસ મા લક્ષ્મીનો પ્રાગટ્ય દિવસ મનાય છે. સમુદ્રમંથન વખતે ક્ષીર સાગરમાંથી આજનાં દિવસે દેવી લક્ષ્મી પ્રગટ થયાં હતાં. આ દિવસે લોકો મા લક્ષ્મીની પૂજા કરી હંમેશાં પોતાની ઉપર કૃપા વરસાવવાની આરાધના કરે.

આપણા ધર્મનો સૌથી મોટો તહેવાર જેમના માટે ઉજવાય છે એવા મા લક્ષ્મી વિશે આજે થોડું જાણીયે. દેવી લક્ષ્મીનાં શાસ્ત્રોનુંસાર કુલ આઠ રૂપ છે.

આદી લક્ષ્મી : આદી લક્ષ્મીને મહા લક્ષ્મીનાં નામે પણ ઓળખાય છે, લક્ષ્મીજીનાં આ સ્વરૂપને ભૃગુ ઋષિનાં દીકરી અને પ્રભુ શ્રી વિષ્ણુનાં પત્ની માનવામાં આવે છે. આદી લક્ષ્મીને શાંતિ અને ખુશીનું સ્વરૂપ ગણવામાં આવે છે. શાંતિ સ્વરૂપે ધન જે લોકોને જોઈએ છે તે લોકો આદી લક્ષ્મીની આરાધના કરે છે.

ધન લક્ષ્મી : મોટાં ભાગનાં લોકો લક્ષ્મીનાં જે સ્વરૂપને જાણે છે તે સ્વરૂપ એટલે ધન લક્ષ્મી, લક્ષ્મીજીનું આ સ્વરૂપ ધનની સાથે સાથે આંતરીક




શક્તિ, પ્રતિભા, ગુણનાં પર્યાય પણ ગણવામાં આવે છે. આ લક્ષ્મી દરેક સ્વરૂપે ધનની વૃદ્ધિ કરતાં દેવી છે. ધન પ્રાપ્તિ માટે ધન લક્ષ્મી દેવીની પૂજા સૌથી પહેલી કરવામાં આવે છે.

ધાન્ય લક્ષ્મી : પૈસા, મિલકત, સોનુ, ચાંદી, હિરા, ઝવેરાતને જેમ આપણે અત્યારનાં સમયમાં ધન ગણીએ છીએ. તેમ ધાન્ય મતલબ કે ખોરાકને પણ સંપત્તિનું જ એક સ્વરૂપ ગણવામાં આવતું. સજીવ વ્યક્તિનાં જીવનમાં ખોરાકનું વિશેષ મહત્ત્વ રહેલું છે. તેથી લોકો ધન લક્ષ્મીની સાથે ધાન્ય લક્ષ્મીની પણ પૂજા કરતાં. ખાસ કરીને ખેડૂત વર્ગ ધાન્ય લક્ષ્મીની અવશ્ય પૂજા કરે છે. પોતાના ખેતરમાં સારો પાક આવે અને ખેતર ધાન્યથી ભરપૂર થઈ જાય તે માટે ખેડૂતો ખેતરે જ ધાન્ય લક્ષ્મીની પૂજા કરતા હોય છે.

ગજ લક્ષ્મી : લક્ષ્મીજી સાથે જોડાયેલી એક માન્યતા અનુસાર દેવી લક્ષ્મી સમુદ્રમંથનમાંથી પ્રગટ્યાં હતાં, તેથી તેમને સમુદ્રની દીકરી ગણવામાં આવે છે. તેથી તેમના આ સ્વરૂપમાં તેમની આજુબાજુ બે હાથીને દર્શાવવામાં આવ્યા છે, જે સતત લક્ષ્મીજી ઉપર પાણીનો વરસાદ વરસાવે છે.

સંતાન લક્ષ્મી : સંતાન લક્ષ્મીનું આ સ્વરૂપ પરિવારને આગળ વધારવા માટેનું સ્વરૂપ છે.

પોતાના પરિવારને આગળ વધારવા માંગતી મહિલાઓ સંતાન લક્ષ્મીની આરાધના કરે છે.

વીર લક્ષ્મી : લક્ષ્મીજીનું આ સ્વરૂપ એ બહાદુરીનું પ્રતીક છે. હિંમત, બહાદુરી, શક્તિ, વીરતા પ્રાપ્ત કરવાનાં લક્ષણ, તાકાત, યુદ્ધમાં ગમે તેટલાં આકરા દુશ્મનોને પણ માત આપવાની વીરતાને વીર લક્ષ્મીનું સ્વરૂપ સૂચવે છે. વર્ષો પહેલાં જ્યારે આપણાં દેશમાં રાજ-રજવાડાનું રાજ હતું ત્યારે તેઓ દર વર્ષે વીર લક્ષ્મીની પૂજા કરતાં. વીર લક્ષ્મીની આરાધના કરી શસ્ત્રોની પૂજા પણ કરતા. હાલના સમયમાં વીર લક્ષ્મીની પૂજા જીવનમાં આવતી દુશ્મનરૂપી મુશ્કેલીઓને માત આપવાની હિંમત મનુષ્યમાં આવે તે માટે કરવામાં આવે છે.

વિદ્યા / ઐશ્વર્ય લક્ષ્મી : શાસ્ત્રોમાં કહેવાયું છે કે માણસ માત્રનું સાચું ધન એટલે વિદ્યા, માણસ પાસે વિદ્યા હશે તો તે જીવનમાં દરેક રીતે આગળ વધી શકશે, તે કેમેય કરીને પોતાના આ ધન થકી બીજા તમામ ધન પ્રાપ્ત કરી શકશે, તેથી વિદ્યાની દેવી સરસ્વતિ તો છે જ પણ વિદ્યાને આપણા શાસ્ત્રોમાં ધન ગણવામાં આવ્યું હોવાથી લક્ષ્મીજીનું સાતમું સ્વરૂપ વિદ્યા લક્ષ્મી કે ઐશ્વર્ય લક્ષ્મી માનવામાં આવ્યાં છે.

વિજયા લક્ષ્મી : વિજયા મતલબ વિજય, દેવી લક્ષ્મીનું વિજયા લક્ષ્મી સ્વરૂપ એ જીવનનાં તમામ તબક્કે માણસનો વિજય સૂચવે છે. જીવનનાં દરેક તબક્કે તમે જે પણ કાર્ય હાથમાં ધરો છો. તે કાર્યમાં સફળતાનું પ્રતિક વિજયા લક્ષ્મી છે. સામાજિક તેમજ પારિવારિક જીવનનાં સંઘર્ષમાં પણ લક્ષ્મીનું આ સ્વરૂપ વિજય પ્રાપ્ત કરાવે છે.

ધનતેરસ, કાળીચૌદશ અને દિવાળીની રાત્રે સમાજની ભૌતિક સમૃદ્ધિ, રક્ષા, શક્તિ અને બૌદ્ધિક સંપદાનાં પ્રતિક સ્વરૂપ મહાલક્ષ્મી, મહાકાળી અને મહાસરસ્વતીનું પૂજન કરીએ. પણ જો-જો વાત માત્ર ધાર્મિક વિધિ પૂરતી સીમિત ન રહી જાય નહિ તો પર્વનો ઉદ્દેશ માત્ર કેલેન્ડરનાં પાનાં પર અશ્મિ બનીને રહી જશે.

દિવાળીની જો હું મારી દ્રષ્ટીએ વ્યાખ્યા આપું તો એટલું ચોક્કસ કહીશ કે દિવાળી એટલે જીવનમાં ફેલાયેલા અંધકારોને દુર કરીને જીવનમાં પ્રકાશ ફેલાવવાનું પર્વ. આપણા જીવનમાં દ્વેષ, ઈર્ષા, છળ કપટ, દુશ્મનાવટ, કોઈનું ખરાબ કરવાની આદત વગેરે જેવા અનેક અંધકારો ફેલાયેલા છે આ તમામ અંધકારોને જીવનમાંથી દૂર કરીને જીવનમાં ભક્તિ, પ્રેમ, પરસ્પર સહયોગ અને એકતા જેવા પ્રકાશ ફેલાવવાનું પર્વ એટલે દિવાળી.

દિવાળીમાં કેટલાંય દિવસો અગાઉથી આપણે બધા ઘર સાફ કરીને એકદમ સ્વચ્છ અને ચોખ્ખુ બનાવી દઈએ છીએ પરંતુ ક્યારેય આપણું હૃદય કે મન સાફ નથી કરતા. તો આવો, આ દિવાળીમાં નવા કપડાની સાથે નવા વિચારો અને સંસ્કારોનાં વાઘા પણ પહેરીએ અને જીવનને સાચા અર્થમાં અને સાચી દિશામાં આગળ ધપાવીએ.

દીપાવલીનાં પર્વને ખરા અર્થમાં પ્રકાશ પર્વ તરીકે ઊજવીએ. આ વખતે દિવાળી કંઈક અલગ રીતે મનાવીએ. ચોતરફ ભલે અંધકાર હોય પણ આપણે દીપ પ્રગટાવીએ. આપણે જ આપણા અને અન્યનાં ઘરને પણ અજવાળીએ.

નગરનાં કોઈ અંધારા ખૂણામાં આવેલી કોઈ જર્જરિત ઝૂંપડીનાં આથમતાં દીવામાં નવી આશાનું દિવેલ પૂરીએ. આટલું કરવા માટે આતશબાજીનાં કે ડિનર પાર્ટીનાં બજેટનો માત્ર નાનો અંશ પૂરતો છે.

મા લક્ષ્મીનાં તમામ સ્વરૂપો આપ સહુ પર એમની કૃપા હંમેશા વરસાવતાં રહે, દિવાળીનાં દીવડાઓ તમારાં અંતરને ઝગમગાવે, આંગણે પૂરેલાં સાથિયાઓ મિત્રો અને સ્નેહીઓ વચ્ચે આત્મીયતાને વિકસાવે એવી ઈશ્વરને પ્રાર્થના.

દિવાળી માત્ર ફટાકડાં અને મીઠાઈ પૂરતું સિમીત ન રહેતાં, પ્રેમ અને આનંદ વહેંચવાનું પર્વ બને એવી આપ સહુને મારાં તરફથી હાર્દિક શુભેચ્છાઓ..!!

- વૈભવી જોશી. ઓસ્ટ્રેલિયા

# "પ્રેમ, એક ઈલાજ"/ પ્રવિણ નાયક

સાંપ્રત સમયમાં પ્રેમની પરિભાષા બદલાઈ ગઈ છે અને આજની પેઢી માટે પ્રેમ શબ્દ ફક્ત જાતીય આકર્ષણનો પર્યાય બનીને રહી ગયો હોય એવું લાગે છે. પરંતુ મારે એ કહેવાની જરૂર ન હોવી જોઈએ કે, પ્રેમ કોઈ ચોક્કસ સંબંધો, ઉંમર કે કોઈ મર્યાદિત ક્ષેત્ર પૂરતો સીમિત નથી.

જીવસૃષ્ટિની ઉત્પતિ કાળથી, 'પ્રેમ' વિવિધ સંબંધોમાં, વિવિધ ક્ષેત્રે, વિવિધ સ્વરૂપે વણાયેલો છે. પ્રેમ વિશે દુનિયાભરમાં ખૂબ લખાયું છે. તેમજ આપણે સૌ વાંચતા આવ્યા છીએ. 'પ્રેમ' એ આપણા માટે નવો શબ્દ નથી. આપણે સૌ ચોક્કસપણે કોઈને કોઈ સ્વરૂપે કોઈનો પ્રેમ પામ્યા પણ છીએ અને એ રીતે આપણે કોઈને પ્રેમ આપ્યો પણ છે. આપણા જીવનમાં અનુભવાયેલ પ્રેમની અનુભૂતિના આપણે સૌ સાક્ષ્ય તેમજ સાક્ષી પણ છીએ.

હું, 'પ્રેમ' વિશે મારા વિચારો મોકો આવશે ત્યારે અવશ્ય રજૂ કરીશ. પરંતુ હાલમાં હું જે વાત કરવા જઈ રહ્યો છું તે છે 'પ્રેમ, એક ઈલાજ'ની.

જોકે, વાત તો અહીં પણ પ્રેમની જ છે પરંતુ જ્યારે પ્રેમને એક ઈલાજ તરીકે ચરિતાર્થ કરવાનો થતો હોય ત્યારે માણસને ક્યારે, કેવા સંજોગોમાં ઈલાજની જરૂર પડે




અને એમાં પ્રેમની શું ભૂમિકા હોઈ શકે એ બાબતે ચર્ચા રસપ્રદ બનશે.

સામાન્ય રીતે, નિયત ગતિથી ચાલતી જીવનયાત્રાના માર્ગમાં અણધાર્યો અવરોધ ઊભો થાય, અને તે નિવારવા માટે જે સાધનની જરૂરિયાત ઊભી થાય, એ સાધનને ઈલાજ કહી શકીએ. આ ઈલાજ દાર્શનિક કે ભાવાત્મક હોઈ શકે. 'પ્રેમ' એ ભાવાત્મક ઈલાજનું એક સ્વરૂપ છે. એને તમે 'પ્રેમ થેરાપી' અથવા 'લવ થેરાપી' કહીં શકો. ઈલાજની વાત આવે એટલે સ્વાભાવિક રીતે આપણા મગજમાં માણસની શારીરિક બીમારીના ઈલાજનો વિચાર સૌથી પહેલો આવે. જોકે શારીરિક બીમારી પણ આ 'પ્રેમ, એક ઈલાજ'ના ખ્યાલમાં સંમિલિત છે જ. બીમારી ઉપર ડૉક્ટરની દવા તો અસર કરે જ છે પરંતુ, ડૉક્ટર દ્વારા દર્દી સાથે પ્રેમપૂર્વક સંવાદ કરીને દર્દીને પ્રેમ અને હૂંફ પૂરી પાડવામાં આવે તેમજ બીમારી જલદી મટી જશે એવો દર્દીને વિશ્વાસ પેદા કરાવવામાં આવે તો બહુ ઓછા સમયમાં તેના આશ્ચર્યજનક સકારાત્મક પરિણામો મળ્યા હોવાના અસંખ્ય દાખલા દુનિયામાં છે.

આપણામાંથી મોટા ભાગનાએ 'મુન્નાભાઈ સ્મ્મ્જી' ફિલ્મ જોયેલ હશે. 'જાદુકી ઝપ્પી' યાદ છે ને? એમાં 'લવ થૅરાપી' નો જ પ્રયોગ થયેલ છે. પ્રેમના થોડા મીઠા બોલ, હૃદયભગ્ન થયેલ યુવાનને આત્મહત્યાના વિચારોથી દૂર કરી નવેસરથી જીવન જીવવા પ્રેરિત કરે છે. માનસિક રીતે ભાંગી પડેલા કેન્સરના દર્દીને નકારાત્મક વિચારમાંથી બહાર લાવીને, બચેલી જિંદગી જીવી લેવા, ઉત્સાહનો સંચાર કરે છે. કામની વ્યસ્તતાથી ત્રસ્ત સફાઈ કર્મચારીને ભાવુક બનાવી તેના મનમાં સ્નેહની ભાવના પેદા કરે છે. ફિલ્મમાં આવા ઘણા પ્રસંગોમાં 'લવ થૅરાપી'નો ઉપયોગ કરીને પ્રેમને એક સફળ ઈલાજ તરીકે પ્રસ્તુત કરવામાં આવેલ છે.ફિલ્મમાં દર્શાવવામાં આવેલ પ્રસંગો, ભલે કાલ્પનિક કથાલેખન છે પરંતુ, વિવિધ પ્રસંગોમાં ફિલ્માવવામાં આવેલ પાત્રો સાથે કથાનાયકના સકારાત્મક વલણ અને ભાવનાત્મક સંવાદો તેના પરિણામોની છાપ, દર્શકના માનસ પટલ ઉપર જરૂર અંકિત કરી જાય છે. અને તે સાથે, આ લખાઈ રહેલા લેખના વિષય 'પ્રેમ, એક ઈલાજ'ની વિચારધારાને સ્વીકૃતિની મહોર લગાવીને સમર્થન આપી જાય છે.


ખેર, આતો કલ્પનાની વાત થઈ પરંતુ, વાસ્તવિક જીવનમાં પણ 'લવ થૅરાપી'ના ઘણા સફળ પ્રયોગો થયા છે. જેમકે, જેલના કેદીઓ સાથે, વ્યસનીઓ સાથે તેમજ અવળે રસ્તે ચડી ગયેલા યુવાનો સાથે, પ્રેમ અને સહાનુભૂતિપૂર્ણ વર્તાવથી અપેક્ષિત પરિણામો મળ્યા છે. એજ રીતે દુશ્મનો કે વિરોધીઓ વચ્ચે, આ પ્રયોગ બાદ સામાન્ય સંબંધો પ્રસ્થાપિત થયા હોવાના દાખલા જોવા મળે છે.

ભવિષ્યમાં વૈશ્વિક ક્ષેત્રે પણ 'પ્રેમ, એક ઈલાજ'ના પ્રયોગની સંભાવનાઓ પેદા થાય અને તેના સકારાત્મક પરિણામોથી દુનિયાને એક નવી દિશા મળે એવી અપેક્ષા જરૂર રાખી શકાય.

પ્રવિણ નાયક 'સનમ'
અંજાર-કચ્છ (ગુજરાત)









# વડાપ્રધાન મોદીએ બ્રિટનના નવા વડાપ્રધાન ઋષિ સુનકને અભિનંદન પાઠવ્યા

નવીદિલ્હી,તા.૨૫

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએભારતીય મૂળના ઋષિ સુનકને બ્રિટનના નવા વડા પ્રધાન તરીકે ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા છે અને કહ્યું છે કે તેઓ વૈશ્વિક મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા અને રોડમેપ ૨૦૩૦ને લાગુ કરવા માટે ઉત્સુક છે. એક ટ્વિટમાં પીએમ મોદીએ કહ્યું કે "ઋષિ સુનકને યુકેના વડા પ્રધાન બનવા બદલ હૃદયપૂર્વક અભિનંદન. હું વૈશ્વિક મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા અને રોડમેપ ૨૦૩૦ ને અમલમાં મૂકવા માટે ઉત્સુક છું." બ્રિટિશ ભારતીયોના 'લિવિંગ બ્રિજ'ને દિવાળીની ખાસ શુભેચ્છાઓ.

અમે ઐતિહાસિક સંબંધોને આધુનિક ભાગીદારીમાં પરિવર્તિત કર્યા છે.

ઋષિ સુનક બ્રિટનના નવા વડાપ્રધાન બનીને ઈતિહાસ રચશે. પેની મોર્ડેંટે રેસમાંથી ખસી જવાની જાહેરાત કર્યા બાદ કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા તરીકે સુનકને બિનહરીફ ચૂંટવામાં આવ્યા છે. બ્રિટનના પૂર્વ નાણાપ્રધાન ૪૨ વર્ષીય સુનકને કન્ઝર્વેટિવ પાર્ટીના ૩૫૭ સાંસદોમાંથી અડધાથી વધુનું સમર્થન હતું, જ્યારે તેમને જીતવા માટે ઓછામાં ઓછા ૧૦૦ સાંસદોની જરૂર હતી.

સંસદસભ્યોની પ્રભાવશાળી સમિતિ ૧૯૨૨ના વડા, સર ગ્રેહામ બ્રેડીએ ઉમેદવારી પાછી ખેંચવાના છેલ્લા દિવસે સ્થાનિક સમયાનુસાર બપોરે ૨ વાગ્યે સંસદ પરિસરમાં જાહેરાત કરી કે તેમને માત્ર એક જ નોમિનેશન મળ્યું છે. તેથી સુનાકે નેતા બનવાની રેસ જીતી લીધી છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

NOG:SS:NO.:0101



પ્રકાર : ગદ્ય-વાર્તા
વિષય: બંધ બારણાં ખૂલે તો
શીર્ષક: આંચકો
લેખક: ભરત સાંગાણી

માધવી, જામનગર સ્ટેશને એક નાની સૂટકેશ લઈ ઉતરી, આજુબાજુ નજર કરતી હતી ત્યાં તેણે તેમનાં વરસો જુના વફાદાર નોકર કમ ડ્રાઈવર શંભુકાકાને તેની તરફ આવતાં દેખાતાં, તેણીએ હાશ અનુભવી!

કાર ધીમે ધીમે સ્ટેશનની બહાર નીકળી રફતાર પકડવા લાગી તે સાથે જ માધવીનું મન પણ વિચારે ચઢ્યું કે પપ્પાએ મને આમ અચાનક કેમ બોલાવી હશે?

માધવીના લગ્ન દસ વરસ પહેલાં મુંબઈના ધનાઢય, સુખી-સંપન્ન- સંસ્કારી કુટુંબમાં થયાં હતાં. સાસરે તે સુખી હતી. સાત વરસનો યશ, સૌનો લાડકો હતો.....

અચાનક બ્રેક લાગતાં, માધવી સ્હેજ ઉછળી, વિચારોનો ઉછાળો શમી ગયો.

ડાબી બાજુથી દોડતી ગાય અચાનક ગાડી આગળથી પસાર થઈ ગઈ. તેણીએ નિરાંત અનુભવી.

બહાર નજર કરી, સુંદર રળિયામણા ખેતરો રસ્તાની બેઉ બાજુએ પાકથી લહેરાતાં હતાં. ગાડી સ્થિર ગતિએ આગળ વધી. સડોદર હવે વીસ કિલોમીટર દૂર હતું.....

ડ્રોઈંગરૂમમાં આલીશાન સોફા પર સામસામે પિતા- દીકરી બેઠાં હતાં.

માધવીને ઘરે આવ્યાં બે કલાક થઈ ગયાં હતાં. લાંબી મુસાફરીથી થાકેલી તે, સ્નાન કરી ફ્રેશ થઈ. ભવ્ય ડાઈનિંગ ટેબલ મહારાજે રસોઈ પીરસી. પપ્પા સાથે સરસ જમણ કર્યું. તેનું મનભાવતું ભોજન. તેની પસંદગીનો પપ્પાએ લીધેલી કાળજીથી તે આનંદિત થઈ.

પપ્પા બોલ્યા, જો બેટા, તને અહીં અચાનક બોલાવવા પાછળ કારણ એટલું જ કે, હવે ક્યારે મને ઉપરવાળો બોલાવી લેશે એ કહેવાય નહીં, તે પહેલાં મારે તને સત્ય જણાવી દેવું જોઈએ.

માધવી આ સાંભળી ચોંકી ઉઠી એ સાથે જ હવાની જોરદાર ઝાપટે ખંડના બંધ બારણાં ખુલ્લી ગયાં, જોરથી દીવાલ સાથે અફડાયાં, માધવીની મનઃસ્થિતિની સાક્ષી પૂરતાં.

સત્ય શું હશે?

બેટા, ભારે હૈયે વસંતલાલ ગળે આવતાં ડુમાને રોકી બોલ્યાં બેટા, તને અમે ખૂબ જ જતનપૂર્વક ઊછેરી છે. તારી માને દેવલોક થયા બે વરસ વીતી ગયાં, મારું મન હવે સંસારમાં રહ્યું નથી.

માધવી, જાણતી હતી કે વ્રજકૌર બાના મૃત્યુ પછી પપ્પાને બહુ આઘાત લાગ્યો હતો અને ધીરે ધીરે સંસારની માયા ઓછી કરતાં ગયાં હતાં.

બત્રીસ વરસ પહેલાં જ્યારે વહેલી સવારે ઝાંપાની બહાર હું નીકળ્યો ત્યારે એક બાળકના રડવાનો અવાજ સાંભળ્યો... એક નાની સી બાળકીને કોઈ હવેલીનાં દરવાજા આગળ ત્યજીને ગયું હોય તેવું ધાર્યું. હું બાળકીને ઘરે લાવ્યો અને તારી બાને પૂછ્યું હવે આનું શું કરશું?

પોલીસ ફરિયાદ કરી, ગામમાં તપાસ કરી કોણ આવું બાળક ત્યજીને ગયું છે? સગડ મળ્યા નહીં. અનાથઆશ્રમમાં મૂકી આવવાનું નક્કી કર્યું. પણ તારી બાએ મને રોક્યો, કહ્યું, આપણે આંગણે કોઈ મૂકી ગયું છે તો તે વ્યક્તિ જરૂર ઈચ્છતી હશે કે આપણાં જેવાં સુખી સંપન્ન ઘરમાં તેનો ઉછેર થાય. ભગવાન માધવની એવી ઈચ્છા હશે. ઘરમાં લક્ષ્મી આવી. ભગવાને, માધવે મોકલી તેથી તારું નામ માધવી રાખ્યું.

માધવી આવો વ્રજઘાત જેવો રહસ્ય સ્ફોટ થતાં થરથરી ગઈ.

"હું અનાથ, તમારું સંતાન નથી." ગદગદિત થતાં... તમે મને કેટલી સારી રીતે પોતાની દીકરી કરતાંએ અધિક સ્નેહથી ઊછેરી. એક ક્ષણમાં હું નોધારી થઈ ગઈ!!!

ના, બેટા. તું અમારી જ વ્હાલસોયી દીકરી છે. બધી મિલ્કત તારા નામે જ કરી છે.

પણ તને સત્ય જણાવવું જરૂરી હતું.

પપ્પા-દીકરી બંનેની આંખોમાંથી આંસુની ધારા વહેંવા લાગી. પપ્પાએ ટેબલ પરથી એક કવર ઊંચકી માધવીને આપતાં કહ્યું કે જે વાત જાણવા બત્રીસ વરસ પહેલાં અમે અથાગ પ્રયત્ન કર્યો હતો તેની જાણ મને થોડાં દિવસ પહેલાં જ્યારે આ કવર મળ્યું ત્યારે થઈ.

મેં પૂરતી તપાસ કરી એની સત્યતા જાણી લીધી છે.

માધવીએ ધ્રુજતાં હાથે તે કવર પોતાના હાથમાં લીધું.. બંધ લિફાફાનું કવર ધીરેથી તેણે ખોલ્યું......

લેખક: ભરત સાંગાણી.


## દિવાળીમાં મિઠાઈઓનું સ્થાન હવે ડ્રાયફ્રૂટસ અને ચોકલેટ બિસ્કિટસે લેવા માંડ્યું છે

જમાનો જેમ જેમ બદલાય છે તેમ તેમ દરેક બાબતમાં પરિવર્તન આવવા લાગ્યું છે. અગાઉ દિવાળીમાં ગૃહિણીઓ ઘરમાં જ દિવાળીના નાસ્તા જેવાકે સુંવાળી પૂરી, ઝીણી સેવ, તીખી સેવ, ગાંઠીયા, ચેવડો વિગેરે બનાવતી હતી અને મિઠાઈમાં મગસ, મોહનથાળ, મૈસૂર, ઘૂઘરા, ઘેબરાં, દહીંથરા જેવી મિઠાઈઓ બનાવતી હતી. ત્યાર પછી બજારની મિઠાઈની બોલબાલા વધવા માંડી. સરકારી અમલદારોને પણ ઉદ્યોગપતિઓ તેમજ મોટા ગજાના વેપારીઓ તરફથી મિઠાઈના પેકેટસ ભેટ તરીકે મોકલવાનો રિવાજ હતો.

પરંતુ છેલ્લા દસેક વર્ષથી મિઠાઈ આપવાનો સિનારીયો બદલાઈ ગયો છે અને મિઠાઈને બદલે ડ્રાયફ્રૂટ્સના પેકેટસ, વિવિધ બ્રાન્ડની ચોકલેટ્સ તથા દેશી વિદેશી બિસ્કિટસના પેકેટસ વ્યવસ્થિત રીતે પેક કરીને સગા વ્હાલા, દોસ્ત બિરાદર તથા સરકારી અધિકારીઓને મોકલવાની પ્રથા શરૂ થઈ ગઈ છે. આનું કારણ એ પણ છે કે હવેની મિઠાઈઓમાં નકરી ભેળસેળ જોવા મળે છે. શુદ્ધ માવો મળવો હવે દુર્લભ છે અને મેંદાના લોટ કે અન્ય લોટની મિઠાઈઓ બનાવવામાં આવે છે, જે માણસના સ્વાસ્થય માટે હાનિકારક છે. બીજુ લોકોને ડાયાબિટીસ, હાઈ બીપી, કાકડા અને થાઈરોઈડ જેવી બિમારીઓ થવા માંડી છે. અન્ય કારણ એ પણ છે કે મિઠાઈ અમુક દિવસો બાદ બગડી જાય છે. જ્યારે ડ્રાયફ્રૂટસ અને ચોકલેટસ, બિસ્કિટસ લાંબા સમય સુધી બગડતા નથી. મિઠાઈમાં ખાંડના બદલે સેકેરીન, ખાંડસરી અને અન્ય પ્રકારના ગળપણને કારણે પણ લોકો મિઠાઈ પ્રત્યે વિમુખ થવા લાગ્યા છે. આ બધાં પરિબળોને કારણે ધીમે ધીમે લોકો મિઠાઈ ભુલીને ડ્રાયફ્રૂટસ તરફ વળવા લાગ્યા છે અને ગૃહિણીઓ પણ ઘરમાં નાસ્તા બનાવવાની પળોજણમાંથી છૂટવા માટે તૈયાર નાસ્તાના પેકેટસ લઈ આવે છે. આમ જમાનામાં બદલાવ આવવાથી બધુંજ બદલાવા લાગ્યું છે.

યોગેશભાઈ આર જોષી , હાલોલ

## મેળાવડો



મિત્રો ઘણીવાર મેળાવડો ભરાય તો કેટલો આનંદ સભર હોય છે. મેળાવડા ઘણાં પ્રકારના હોય છે. ન્યાતનો મેળાવડો ભરાય તો બધાં જ્ઞાતિલા મળે અને એ મેળાવડામાં શું થાય? વિચારો તમે તો જતાં જ હશો. ટોળાવળી કાર્યક્રમ ચાલતો હોય ને કાકા બાપા કે ફોઈ માસી.. ભાભી નણંદની વાતો ઓહો .. મેળાવડાની તો કાંઈ જ વાત સાંભળે કોણ..? ભાષણ પતી જાય ઈનામ વિતરણ થઈ જાય પણ મેળાવડાની મેદનીની વાતો કે હો હો પતે જ નહિ..કેવું હાસ્યાસ્પદ !

ચાલો કીટીપાર્ટીનાં મેળાવડામાં જઈએ. ઓહો! તૈયાર થઈને આવેલી દરેક સ્ત્રી તેના આભૂષણો, સાડી

તેમજ તેમની પર્સ ઓહો પ્રદર્શન જ પ્રદર્શન . જો વિખરાય ત્યારે શું કર્યું આ ચાર કલામમાં? ઘરે જઈ કોઈ એક સ્ત્રી પણ વિચારે તો? કદાચ નવું કંઈક તો કરે ને? સાંભળ્યું છે

પુરુષોની કીટીપાર્ટી ભરાય છે? કારણ તેઓ પહેરવેશથી

લઈ વર્તન સુધીમાં સરળ તો હોય જ છે પણ વિશાળ હૃદયી હોય છે. તેથી તેઓને જરૂર જ નથી પડતી ચેટરીંગ

કરવાની.

ચાલો મુદ્દા પર આવીએ હવે સાહિત્યનો પણ મેળાવડો ભરાય છે. જાત જાતનાં ગ્રુપ પણ આવા સાહિત્યનાં મેળાવડા ભરાય છે. તેમાં પણ ચાલી આવે છે

કાવ્ય પઠન, ગદ્ય મિમાંશા, તેમજ લેખની ચર્ચા . ત્યારે જો ભેગા થયેલાં બહેનો ને ભાઈઓ જો એકાગ્ર ચિત્તે સાંભળે તો ઘણું શીખે.. શું કહો છો.

તેવા મેળાવડા સંગીતમાં પણ ભરાય છે. તે સાંભળવા સારા લોકો આવ્યાં હોય તો મેળાવડો સંગીતમય બની જાય છે.

કુટુંબમાં પણ જ્યારે એક સાથે પાંચ વ્યક્તિ ભેગી થાય અને જો તે સમયે સૌ સૌની વાતોમાં પડે તો તે ઘોંઘાટ બની જાય છે, પણ જો કોઈ એવી વાતો કરે કે જે તમને એકાગ્ર કરી દે તે મેળાવડો સાક્ષર બની જાય. તે મેળાવડો આકર્ષિત બની જાય કંઈક પ્રાપ્ત કર્યાનો આનંદ

મેળવી શકો.

આનંદ તો જરૂરી જ છે મિત્રો બરાબર ને? આપણે પણ ન્યુઝ ઓફ ગાંધીનગરનો સુંદર સાહિત્યિક મેળાવડો ભરી રહ્યાં છો. જેની તા.૨૪/૧૨/૨૨સંચાલકશ્રીપ્રદીપભાઈ


તેમજ મીનાક્ષીબેન અમદાવાદમાં કરી રહ્યા છે. તેમાં ભેગા થવાનું છે. મારા સાથીદાર મિત્રો ને સખીઓ ચાલો તૈયારી કરી લઈએ આ મેળાવડાને આનંદમય ને વિચારમયસ કરી ભરીએ. નવેમ્બર ૨૦ પહેલાં આપણે મેળાવડાને આપણો બનાવવા રૂ. ૧૦૦૦ ને રૂ. ૫૦૦ આવતા વર્ષની ૨૦૨૩ની ફી ભરી સારા સભ્યો બની જઈએ.


મેળાવડાની મજા તો આપણે કંઈક સમર્પિત કરી શરૂ કરીએ. તેમાં સાહિત્ય હશે ને જોડે મનોરંજન પણ


કારણ આપણે ભારતીય છે.. જાણ્યું ને વિદેશમાં પણ

આપણાં જ ભારતીય પ્રાઈમમિનિસ્ટર બન્યાં. ચાલો જરૂર મળીએ મેળાવડામાં મારી સાથે .. બીજા એડમિનો સાથે.

જયશ્રી પટેલ
(વડોદરા)
૨૫/૧૦/૨૨




# એફિલ ટાવર રોશનીથી ઝળહળી ઊઠ્યો; અમેરિકા, કેનેડા, લંડન, જાપાન, પેરિસમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી

નવીદિલ્હી,તા.૨૫

ભારત અને વિશ્વના ઘણા દેશોમાં ૨૪ ઓક્ટોબરે દિવાળી ઊજવવામાં આવી. આ તહેવારને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. દિવાળી નિમિત્તે બજારોમાં ભારે રોનક જોવા મળી હતી. જયારે, અગાઉનાં વર્ષોની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરહદ પર જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી.સોમવારે સવારે ૯મી વખત સૈનિકો સાથે દિવાળી મનાવવા કારગિલ પહોંચ્યા હતા.

અહીં પીએમે કહ્યું કે અમે નાગરિકોની દિવાળી, અમારી આતશબાજી અલગ હોય છે. તમારી આતશબાજી પણ અલગ અને ધડાકા પણ અલગ હોય છે. આ દરમિયાન પીએમએ જવાનોને સંદેશ આપ્યો કે શક્તિ વિના શાંતિ શક્ય નથી. ભારત ઉપરાંત ઘણા દેશોમાં પણ દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. બ્રિટિશ ચાન્સેલર ઋષિ સુનકે તેમના ઘરની બહાર દીવાઓ પ્રગટાવીને દિવાળીની ઉજવણી કરી હતી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે માર-એ-લાગો રિસોર્ટમાં દિવાળીની ઉજવણી કરી હતી. પેરિસનો એફિલ ટાવર પણ રોશનીથી ઝળહળી ઊઠ્યો છે.ભારત-બાંગ્લાદેશ બોર્ડર પર બીએસએફના એક જવાને રવિવારે દીવાઓ પ્રગટાવીને દિવાળીની ઉજવણી કરી હતી. આ તસવીર દક્ષિણ દિનાજપુર જિલ્લાના બાલુરઘાટની છે.ભારતીય મૂળના ચાન્સેલર ઋષિ સુનકે લંડનમાં દિવાળીની ઉજવણી કરી હતી. તેણે પોતાના ઘરની બહાર દીવા અને મીણબત્તીઓ પ્રગટાવીને ઉજવણી કરી હતી. લિઝ ટ્રૂસે બ્રિટનના વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યા બાદ ઋષિ સુનક પણ પીએમ પદની રેસમાં છે.કેનેડામાં પણ દિવાળી નિમિત્તે ભારે રોશની જોવા મળી હતી. અહીં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે, તેથી અહીં દિવાળી ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવે છે.ભારતમાં મ્યાનમારની એમ્બેસી ખાતે દિવાળીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.અમેરિકામાં પણ દિવાળીના તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને અને ફર્સ્ટ લેડી ડૉ. જીલ બાઈડને તેમના સત્તાવાર નિવાસસ્થાન વ્હાઈટ હાઉસ ખાતે ભારતીય-અમેરિકનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. આ દરમિયાન સમારોહમાં ભારતીય મૂળના લોકોને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ પણ હાજર રહ્યાં હતાં.લંડન ટ્રાફલગર સ્ક્વેરમાં આ રીતે દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી.મલેશિયાની રાજધાની કુઆલાલંપુરમાં દિવાળી પર ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.

જાપાનના ટોક્યોમાં ભારતીયોએ દિવાળી પર ફટાકડા ફોડ્યા.

થાઈલેન્ડના બેંગકોકમાં દિવાળીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. અનેક જગ્યાએ સુંદર પંડાલ બનાવવામાં આવ્યા છે.

શ્રીલંકામાં મોટી સંખ્યામાં લોકો દિવાળીની ઉજવણી કરે છે.









With best compliments :-
" Happy dewali & new year "

From:- Neel B Desai
ghaswala & family.
D&B group & family
Vibhu enterprise & family.




નૂતન વર્ષાભિનંદન

ગુજરાત રાજ્ય અન્ન,નાગરિક પુરવઠા મંત્રી

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર










Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# ખબર છે કે ઘરવાળીની હાકલ પડી છે!!!

મુર્ખાઓ મકાન બનાવે છે અને શાણા લોકો ( શાણા લોકો એટલે તમે જે સમજો છો તે નહીં.અપિતું શાંતિપ્રિય, સજ્જન, ભીરું- અમોલ પાલેકર ટાઇપ માણસો!! યંગસ્ટરનો સવાલ થશે કે અમોલ પાલેકર કંઇ બલા છે?? અમોલ પાલેકર બેંક કર્મચારીમાંથી અભિનેતા બનેલ. સમાંતર સિનેમાના મહાન અભિનેતા. ટીપીકલ મધ્યમવર્ગીય .) ભાડે રહે છે!! એવી અંગ્રેજી કહેવત છે.મકાન બનાવનાર માળિયા શું કામ બનાવતા હશે? આ એક યક્ષ પ્રશ્ન છે. આ પ્રશ્નનો જવાબ ઈવ આદમને પણ મળ્યો નથી અને આપણે ગમે તેટલા ફાંફા મારીએ પણ મળવાનો નથી!!

દિવાળી , હોળી -ધૂળેટી સાતમ આઠમ આપણા તહેવારો છે સૌરાષ્ટ્રમાં તેને પરબ કહેવાય છે.નાતાલ, ઇદ,મહોરમ વગેરે તહેવારોમાં ઘર, માળિયાની સાફસફાઇ કરવાની રહેતી નથી. દિવાળીમાં સાફસૂફીની સંકલ્પના કયાંથી આવી એ અલગ સંશોધનનો વિષય છે( કોઇ પણ યુનિવર્સિટી પીએચડી માટે સંશોધન કરાવો પ્લીલીઇઇઝ . ગોરધનોની હાલત પતલી થઇ જાય છે!!)

કાતરિયું-માળિયાનું કઝિન કહેવાય!! કવિ રમેશ પારેખે એક ગીતમાં "હું અને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠા, લેસન પડતું મુકી ફિલ્મ ફિલ્મ રમવા બેઠા !! "ચંદુને રમવા માટે ડ્રોઇંગરૂમ કે બેડરૂમ, વરંડો, રસોડુ, પોર્ચ, કંપાઉન્ડમાં રમવા જગ્યા ન મળી કે માળિયા-કાતરિયામાં રમવા ગયા?? માળિયું કંઇ હાઈજેનિક જગ્યા કહેવાય???

દિવાળીને એકાદ મહિનાની વાર હોય. રજાની સુસ્તી સભર સવાર હોય. તમે રજામાં મજાનું સોજ્જું પ્લાનિંગ મનેમન વિચાર્યું હોય. તમે રવિવારના ન્યુઝપેપર, સપ્લિમેન્ટસ વાંચતા રસોડા તરફ અપલક નજરે તાકતા હો,શરીરનું રોમે રોમ અને અણુએ અણુ સહરાના રણની ભવ્યતાની જેમ ગરમગરમ ફળફળતી ચાને ઝંખતું હોય!! ત્યાં રસોડામાંથી સ્યુગર ફ્રી અને રૂપાની ઘંટડી જેવો મીઠો ટહુકો કાને અથડાય!!

" બેબી ( સૂચના -પતિ-પત્નીને અમુક તમુક લેવલનો પ્રેમ અભિવ્યકત કરવા માટેનું સંબોધન છે!! બાપ-દીકરીની મા-દીકરાનો સંબંધની કલ્પના કરવી નહીં!! સૂચના સમાપ્ત!!) ચા સાથે બ્રેકફાસ્ટમાં તું શું લઇશ? પનીર ચિલ્લા કે ઓમલેટ ફાવશે?"ગોરધન એટલે પતિના પેટમાં ફાળ પડે કે બકરી ઈદ ન હોવા છતાં હું વધેરાઇ જઇશ!!

લાગણીશીલ પત્ની-ભાર્યા છમક છલ્લો સ્ટાઇલમાં ચાનો કપ અમે બ્રેકફાસ્ટ આપતી જાય અને રસોડા તરફ પરત ફરતા પતિના સુધરીના માળા જેવા વાળમાં આંગળીનું હળ ફેરવતી જાય અથવા સાડીનો પાલવ ગોરધનના માથા પર કાગડાના પીંછાની જેમ ફેરવતી જાય! આ પ્રકારના પ્રેમોપચાર થકી ભ્રમિત કરી દે તેવા વર્તનથી ગોરધનના હાર્ટબિટ્સ હાર્ડ થઇ જાય. એ વિચારે કે આજે પતિ નામની ઘો મરવાની થઇ છે!!પતિ મહાશય ચા-નાસ્તાને ન્યાય આપે કે કાન પાસે બોમ્બ ફાટે છે.

" હની આપણે બેડરૂમનું માળિયું સાફ કરી નાંખીએ." આ વિધાનમાં વિનંતી ઓછી અને આદેશની માત્રા સવિશેષ હોય છે. પતિ પણ ચડ જો બેટા શૂલી પે , લે પત્ની કા નામ!! જૂના જમાનામાં રાજપૂતો આ પાર કે પેલે પારનુ આખરી યુધ્ધ કરે તેને કેસરિયા કહેવામાં આવે છે.

પતિ પણ લુંગી અડધી કાઠીએ ચડાવી માળિયે ચડવા તૈયાર થઇ જાય છે. કોઇ જનાવરને કતલખાને કત્લ માટે લઇ જવામાં આવે અને તેના ચહેરા પર લાચારી , કરૂણા અને બેબસીના ભાવો મુખરિત થાય તેમ તેના ચહેરા પર નૈરાશ્ય છલકાતું હોય!!!

આપણી પત્નીઓ ( ભાઇ, કૂતરાંની જેમ કાન ઊંચા કેમ કરો છો?પત્ની એટલે પોત પોતાની પત્ની સમજવાનું ! સમજ્યા .) માળિયાની સફાઇ ન કરવી પડે એટલે તેને ધૂળની એલર્જી છે. લો કર લો બાત! પત્ની દિવાળીના કામમાંથી છટકવાનું અમોઘ શસ્ત્ર ઉગામે એટલે હસબન્ડ ધૂળજી બની જાય છે!!

તમે સ્ટુલ પર ખુરશી એના પર નાનું સ્ટુલ મુકીને તમે માળિયે ચડો. જન્માષ્ટમી પર મટકી ફોડવા એક પર એક છાકરા ચડીને માનવ પિરામિડ બનાવે. એક છોકરાને ખંજવાળ આવે અને એ ખંજવાળે એટવે બધા કડડભૂસ પડે તેમ સ્ટુલ ડગમગ થાય એટલે તમે ધરાશાયી થાવ!! બામ, વિકસ કે રેલી સ્પ્રે લગાડીને કવિ નર્મદની જેમ' ડગલું ભર્યું તે ન હટું તે ન હટું ' તે ન્યાયે પુનઃ માળિયા તરફ આક્રમણ કરો છો. તેમાં કરતાં જાળ કરોળિયો ભોંય પડી ગભરાય વણતૂટેલા તાંતણે ઉપર ચડે છે કેમ માળિયાભિનિષ્ક્રમણ કરે છે. નીચેથી પત્ની સૂચનાનો ધોધ વરસાવતી હોય!! પાર્ટી માળિયાના દરવાજા સભ્ય માણસની જેમ નોક કરે છે. ગોરધનના માળિયાગમનની આગોતરી જાણ માળિયા નિવાસી જીવજંતુઓને થઇ જતી હશે કે શું?ચડ જા બેટા માળિયે લે સાવરણી સે કામ!!

ગઝલકાર મનોજ ખંડેરીયાની ગઝલ તાદર્શ થાય છે.

" તમારા અહીં પગલા થવાના, માળિયાને ખબર થઇ ગઇ છે.ઉઠાવી છે ગર્દન ગરોળી-વંદાએ, ઉંદરોની નજર ઊંચી થઇ ગઇ છે!!

આપણે નકામી ચીજો માળિયામાં ડમ્પ કરીએ છીએ.આપણે સંઘર્યો ખીલો સોનાનો થાય એવું માનીએ છીએ. એટલે રોટલી વણવાની પાયા તૂટેલ પાટલી,બાબાગાડી, બાર્બી ડોલ , ખાટલાનું વાણ-કાથી- પાટી, પાણી ભરવાના નળા, પવાલી, નળ, પાઇપ, પંખાના પાંખિયા,કેલેન્ડરના ભગવાનના ફોટા,જૂની અને નોનયુઝ પાણીનું માટલું, કાચના ઝુમ્મર,થાળી વાટકા મિકસચર , મિકસચરના જાર, થર્મોકોલ અને ન જાણે કેટલો બધો કચરો ગળે વગાડીને ફરીએ છીએ. સંઘરેલા ખીલા સોનાના થતા નથી, પણ કટાઇને ટાઇલ્સમાં ડાઘા પાડે છે!!માળિયું સાફ કરવામાં નકામી વસ્તુ ભંગારમાં આપવા માટે સેગ્રિગેટ કર્યા સિવાય લૂંછીને માળિયું રદીની રિધ્ધિસિધ્ધિથી અખંડ રહે છે.

માળિયાની સફાઇ મંત્રોચ્ચાર કે વિધિવિધાન જેવો ક્રિયાકાંડ બની રહે છે!!!જે પત્ની માળિયે ચડાવે છે એ જ પત્ની દિવાળીમાં ચોળીફળી, મઠિયા, ઘૂઘરા, સોનપાપડી, મોહનથાળ, મેસુબ , ચકી , ચવાણું બનાવીને તમારા ઉદરની સંતૃપ્તિ પણ કરે છે!! એટલે છેવટે સૌ સારાવાના થાય છે!

તમામ વાંતકોને વિક્રમ સવંત ૨૦૭૯ ના નૂતન વર્ષાભિનંદન સહ રામ રામ . અસ્તુ!!!

દિવાળી બાદ શું બાદ??
હવે,
કેડ કડાકા નાંખે છે,
ઉત્સાહ ચિત્કાર નાંખે છે,
તોરણના સૂકા પાનનો ચુરો,
વાળવાની ત્રેવડ નથી.
રંગોળીના વીખરાયેલા રંગો,
મારી ઝોળીમાં ભેળા કરવાની ત્રેવડ નથી .
ફૂટી ગયેલા ફટાકડાની કરચો,
વાળવા-ચોળવાની ત્રેવડ નથી.
છાપાના વાર્ષિક રાશિ( રાશીના ભવિષ્ય હોય કે ન હોય અલગ મુદો છે),
ચિંગનની જેમ ચાવીને જડબા દુખે છે!!
વોટસએપમાં આવેલ શુભેચ્છાના દીવડાઓનું તેલ મોબાઇલને દઝાડે છે!!
આંગણિયું ભલે ગંદું રહે,
શેરી ભલે મલિન રહે,
હરિને આવકારવાની હામ નથી !!
દિવાળીનો હેંગઓવર ઉતરી રહ્યો છે,
શરીરમાં કળતર વધી રહ્યું છે.
લીકેજ પ્રાયમસને પંપ મારીએ કયાં સુધી ચાલે?
તહેવારો રૂમઝુમ પગલે નિસરી ગયા છે,
રોજિંદી ઘટમાળ વિકરાળ મોંઢું ખોલીને દ્વારે ઉભી છે
મગજમાં સન્નતા પ..,,
ભરત વૈષ્ણવ
૨૫.૧૨.૨૦૨૨.# કવિતા

## સિતરંગ વાવાઝોડાથી અનેક રાજ્યોમાં એલર્ટ જારી કરાયું

નવીદિલ્હી,તા.૨૫

વાવાઝોડા 'સિતરંગ'ના કારણે બાંગ્લાદેશમાં ૭ લોકોએ જીવ ગુમાવ્યો. સુત્રોએ જણાવ્યુ કે બરગુના, નરેલ, સિરાજગંજ અને ભોલા ટાપુના જિલ્લાઓમાં મૃત્યુ નોંધાયા છે. તમને જણાવી દઈએ કે સિતરંગ વાવાઝોડુ સોમવારે સવારે બાંગ્લાદેશના તટથી ટકરાઈ ગયુ ત્યારબાદ ઘણા વિસ્તારોમાં વિનાશનો દ્રશ્યો જોવા મળ્યા. હજારો લોકોને પ્રભાવિત વિસ્તારમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. મૃતકોની સંખ્યામાં હજુ વધારો થઈ શકે છે. ભારતીય હવામાન વિભાગએ તેના લેટેસ્ટ બુલેટિનમાં પશ્ચિમ બંગાળ અને મેઘાલય માટે ચેતવણી જાહેર કરી છે. હવામાન વિભાગનુ કહેવુ છે કે ચક્રવાત સિતારંગ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં સાગર દ્વીપથી લગભગ ૨૩૦ કિમી દૂર કેન્દ્રિત છે અને બાંગ્લાદેશ પહોંચતા પહેલા ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધવાની ધારણા છે.


ધી સર્વોદય સહકારી બેંક લી;મોડાસા

હેડ ઓફિસ : "સર્વોદય ભવન", મખદૂમ હાઈસ્કૂલ રોડ, મોડાસા, જિ. અરવલ્લી ફોન: (બેકીંગ) (૦૨૭૭૪) ૨૪૬૫૨૭, ૨૪૫૨૯૬ (મો) ૯૬૩૮૬ ૧૩૫૫૫ E-Mail : info@ssbank.in

બ્રાન્ચ : ૩૦૯૭/૯૮, ગ્રાઉન્ડ ફ્લોર, લકી શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ, મેઘરજ. (મો) ૯૧૦૪૦૭૩૭૯૮ E-mail : megharajbr@ssbank.in

તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૨ સુધીની ૬ માહિનાની આંકડાકીય માહિતી

| અ. નં. | વિગત | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ગ્રોસ નફો | 99,35,000 |
| ૨ | સરકારી જામીનગીરી પ્રોવિઝન | 5,00,000 |
| ૩ | સ્ટાફ બોનસ પ્રોવિઝન | 5,00,000 |
| ૪ | સ્ટાન્ડર્ડ એસેટ ફંડ પ્રોવિઝન | 2,00,000 |
| ૫ | ઈન્કમ ટેક્ષ પ્રોવિઝન | 23,00,000 |
| ૬ | I.T. / સાયબર સિક્યુરીટી ફંડ | 3,00,000 |

ચોખ્ખો નફો : 61.35 લાખ

| અ. નં. | વિગત | રકમ રૂા. (લાખમાં) |
|---|---|---|
| ૧ | શેર ભંડોળ | 167.20 |
| ૨ | રીઝર્વ ફંડ - અન્ય ફંડ | 1175.28 |
| ૩ | થાપણો | 5664.02 |
| ૪ | ધિરાણ | 2993.91 |
| ૫ | સીડી રેશીયો | 52.95 |
| ૬ | ગ્રોસ એન.પી.એ. રકમ | 140.44 |
| ૭ | ગ્રોસ એન.પી.એ. % | 4.69 % |
| ૮ | નેટ એન.પી.એ. % | 0 % |

ઈકબાલહુસેન જી. ઈપ્રોલીયા, ઈકબાલહુસેન જી. ઉપાદ — મેનેજીંગ ડીરેકટર્સ
મ.ઈબ્રાહીમ જી. બાકરોલવાલા — ચેરમેન
મો.સલીમ એન.ખોખર — શાખ કમિટિ ચેરમેન

ડિરેક્ટર્સ
ઈબ્રાહીમ ડી.ભુરા, મો. સલીમ ડી.ટીંટોઈયા, મો. યાસીન જી.કાજી, મ. ઈદરીશ જી.સાબલીયા, અ.કાદર એચ.ખાલક
મ.નઝીર એ.સુથાર, મો.યુસુફ જી.ખાલક, ખાનાભાઈ જે.વણકર, ફીરદોસબાનુ એસ.જમાદાર, આબેદાબેન વાય.બાંડી

ફરહાના એમ. ચગન — મેનેજર
ગુલામરસુલ જે. પટેલ — આસી. મેનેજર
યુસુફભાઈ આર. જેથરા — C.E.O.

ધી સર્વોદય સહકારી બેંક લી;મોડાસા






દિપાવલી પર્વની હાર્દિક શુભકામનાઓ..

ધી બનાસકાંઠા મર્કેન્ટાઇલ કો.-ઓપ.બેન્ક લી.,પાલનપુર

માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોને નૂતન વર્ષાભિનંદન આજે પરમપિતાને એકજ પ્રાર્થના
" આજના આદિત્યનું પ્રથમ સોનેરી કિરણ આપના જીવનના દરેક ક્ષેત્રેસુખ, સમૃધ્ધિ, સંપત્તિમાં વધારો કરે અને લાભદાયી બને એવી ઈશ્વરને પ્રાર્થના "

- ★ Rupay ડેબીટ/ ATM કાર્ડ તેમજ ATM થકી ૨૪ કલાક કેશ ભરવા તેમજ ઉપાડવાની સુવિધા.
- ★ ATM કાર્ડ સાથે એક લાખનો ACCIDENT INSURANCE ફ્રી આપવામાં આવે છે.
- ★ ભારતભરના ATM તથા POS મશીન પર ઉપયોગી સુપર સ્ટોર્સ/મોલ/પેટ્રોલ પંપ/રીટેઈલ શોપ ઓનલાઈન શોપીંગ, ઓનલાઈન ટીકીટ બુકીંગ તથા ઓનલાઈન બિલ પેમેન્ટ કરવાની ડેબીટકાર્ડની સગવડ.
- ★ આકર્ષક વ્યાજ દરની થાપણ યોજનાઓ.
- ★ કોઈ પણ છુપા ચાર્જીસ કે કોઈપ પ્રોસેસીંગ ફી વગર નીચા વ્યાજ દરે ધિરાણ ઉપલબ્ધ.
- ★ આપણી બેંક થકી હાઉસીંગ લોન ઉપર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રૂા.૨.૬૭ લાખની સબસીડીનો લાભ.
- ★ સોનાના દાગીના સામે રૂા. ૧૦ લાખ સુધીની ત્વરીત લોન સેવા.
- ★ Mobile Bannkig, IMPS, NEFT & RTGS અને UPI થકી તમામ ઓનલાઈન સુવિધાઓ.
- ★ બેંકની મુખ્ય કચેરી, ઢુંઢીયાવાડી, નવીનગંજ તથા ડીસા શાખામાં લોકર્સ સેવા ઉપલબ્ધ.
- ★ બેલેન્સ જાણવા માટે મિસ કોલ સુવિધા મો.નં. ૯૩૭૫૨૦૦૨૨૦૦.
- ★ આપનો આધાર નંબર બેંકમાં નોંધાવી ગેસ સબસીડીની સુવિધા.
- ★ આપણી બેંક દ્વારા ઈન્કમટેક્ષ/GST ના નાણાં ભરવાની તેમજ ડીમેટ સેવાઓ.
- ★ જનરલ ઈન્સ્યોરન્સની સુવિધા - IFFCO TOKIO સાથે.
- ★ સભાસદોની સુરક્ષાર્થે રૂા. ૨ લાખનો અકસ્માત વિમો.

" ગ્રાહકોનો વિશ્વાસ અને અમારી સેવાઓ એ જ બેંકનો ધ્યેય "

મુળચંદભાઈ જે.પટેલ (મેનેજીંગ ડીરેક્ટર)
શિવરામભાઈ આઈ.પટેલ (ચેરમેનશ્રી)
ભાવેશ કે.પટેલ (સી.ઈ.ઓ.)
દશરથલાલ એમ.મોદી (જો.મેનેજર ડીરેક્ટરશ્રી)
દિનેશકુમાર બી.પટેલ (વા.ચેરમેનશ્રી)









નૂતન વર્ષાભિનંદન

ધી સીપુ પુનઃ વસવાસ દૂધ ઉત્પાદક સહ મંડળી લિમિટેડ.
મુ.પો. ભાડલી (ઝાત)
તા : દાંતીવાડા (બ.કાં.)
દૂધ નિયમિત ડેરીમાં ભરાવો.... બનાસ ડેરીની પ્રોડક્ટ તેમજ પશુધન ડેરીમાંથી ખરીદો.
ચેરમેન : રાજગોર ગણપતભાઈ જોઇતાજી
મંત્રી : માળી મગનલાલ પનાજી
(એ આઈ કર્મચારી તથા વ્યવસ્થાપક કમિટી સભ્યો)










નૂતન વર્ષાભિનંદન

એગ્રો વેપારી એસોસિએશન
મુ : દાંતીવાડા
જીલ્લો : બનાસકાંઠા
જંતુનાશક દવાઓ ખાતર સર્ટિફાઇડ બિયારણ મળશે.
પ્રમુખ : પટેલ ગણપતભાઈ કાળુભાઈ
ઉપપ્રમુખ: સુદેશા ગોકળભાઈ સ્વરૂપ જી
મંત્રી : ચૌધરી અરવિંદભાઈ ગોવિંદભાઈ













નવ વર્ષ ની નવલી સવારે
ઉગતો સુરજ સૌના દ્વારે
મન વચન ને કર્મ સથવારે
પ્રગટે રવિ મુઝ અંતર દ્વારે
પ્રગટે દિપમાળા બાહર માં
અંતરે ઘણું અંધકાર હજી છે
રંગોળી સજાવ્યા આંગણિયે
લાગણીઓ તો કોરી હજી છે
ઊર્મિઓ ની ઉર્જા મોકલીએ
દીવડા જ્ઞાન થકી પ્રગટાવીએ
લોભ મોહ અભિમાન ત્યજી
સૌના મન માં પ્રેમ સજાવીએ
નવ વર્ષ ની શુભ મંગલ પ્રભાતે
માગું ક્ષમા યાચના શીષ નમાવી
નિત આવે ખુશહાલી જીવન માં
"માનસ"મળે સૌને પ્રેમ સમાવી
માનસ-
પેન્સિલવેનિયા.




ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પાંથાવાડા, તા,દાંતીવાડા,જી.બનાસકાંઠા

ફોન નંબર-૦૨૭૪૮ ૨૨૬૫૧૨/૨૨૬૨૦૨

ખુલ્લી હરાજી..................સાચો તોલ................રોકડા નાણા............................

છેલ્લા પાંચ વર્ષની પ્રગતિની આંકડાકીય માહિતી


| અનું.નં | માર્કેટ વર્ષ | જણસીઓની આવક કિલ્લો લાખમાં | વેચાણ કિંમત રૂ/લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૭/૨૦૧૮ | ૪.૫૦ | ૧૬૪૩૫.૬૯ |
| ૨ | ૨૦૧૮/૨૦૧૯ | ૪.૯૧ | ૨૦૩૪૦.૧૪ |
| ૩ | ૨૦૧૯/૨૦૨૦ | ૪.૩૮ | ૨૦૮૦૭.૮૧ |
| ૪ | ૨૦૨૦/૨૦૨૧ | ૬.૩૪ | ૨૯૩૬૫.૨૬ |
| ૫ | ૨૦૨૧/૨૦૨૨ | ૭.૪૦ | ૪૨૬૪૯.૨૧ |

શ્રી ગણપતભાઈ બી.પુરોહિત
વા.ચેરમેનશ્રી

શ્રી હરીભાઈ એમ.પટેલ
સેક્રેટરીશ્રી

શ્રી રેશાભાઈ પી.પટેલ
ચેરમેનશ્રી

બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ બજાર સમિતિ પાંથાવાડા




## દેશમાં કોરોનાના નવા ૧૩૩૪ કેસ નોંધાયા, ૧૬ દર્દીઓએ જીવ ગુમાવ્યા

નવીદિલ્હી,તા.૨૫

ભારતમાં ૧૮૮ દિવસ પછી કોરોના વાયરસનાસૌથી ઓછા ૧,૩૩૪ નવા કેસ નોંધાયા છે, જેમાં કોરોના ચેપની કુલ સંખ્યા ૪,૪૬,૪૪,૦૭૬ થઈ ગઈ છે જ્યારે સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ઘટીને ૨૩,૧૯૩ થઈ ગઈ છે. જેમાં સોમવારે ૨૪ ઓક્ટોબરના રોજ સવારે ૮ વાગ્યા સુધીના કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અપડેટ ડેટા અનુસાર, ચેપના કારણે વધુ ૧૬ દર્દીઓના મોતને કારણે મૃત્યુઆંક વધીને ૫,૨૮,૯૭૭ થઈ ગયો છે. જેમાં કેરળમાં કોરોના વાયરસના સંક્રમણને કારણે સૌથી વધુ ૧૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર સારવાર હેઠળના દર્દીઓની સંખ્યા ચેપના કુલ કેસના ૦.૦૫ ટકા છે, જ્યારે કોવિડ-૧૯માંથી રાષ્ટ્રીય રિકવરી રેટ વધીને ૯૮.૭૬ ટકા થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ની સારવાર હેઠળના દર્દીઓની સંખ્યામાં ૨૩૯ કેસનો ઘટાડો થયો છે. જેમાં દૈનિક ચેપ દર ૧.૫૨ ટકા હતો જ્યારે સાપ્તાહિક ચેપ દર ૦.૯૫ ટકા હતો. કોરોનાથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૪૦,૯૧,૯૦૬ થઈ ગઈ છે જ્યારે મૃત્યુ દર ૧.૧૮ ટકા નોંધાયો હતો. દેશવ્યાપી કોવિડ-૧૯ વિરોધી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૨૧૯.૫૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

નોંધપાત્ર રીતે, ૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ દેશમાં કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી. ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા.

## રાજકોટના મોરબી રોડ પર ફટાકડા ફોડવા મુદ્દે થઈ મારામારી

મોરબી,તા.૨૫

દેશભરમાં દિવાળીના તહેવારની ભવ્ય ઉજવણી થઇ રહી છે, ત્યારે રંગીલા રાજકોટમાં પણ લોકો રંગેચંગે દિવાળીની ઉજવણી કરી રહ્યા છે. લોકો ભેગા થઈને અવનવા ફટાકડા ફોડી ઉજવણી કરી રહ્યા છે. નાના-મોટા બાળકો, વૃદ્ધો સહિત તમામ લોકો ભેગા થઈને આતશબાજી કરીને ભવ્ય ઉજવણી કરી રહ્યા છે. જો કે આ બધાની વચ્ચે કેટલાક અમસામાજીક ત્તવોનો આતંક પણ સામે આવ્યો છે. રાજકોટના મોરબી રોડ પર ફટાકડા ફોડવા મુદ્દે મારામારીની ઘટના સામે આવી છે. શાબ્દિક બોલાચાલી બાદ બે જુથ વચ્ચે મારામારીના દ્રશ્યો જોવા મળ્યા. છરી વડે કરવામાં આવેલા હુમલામાં ૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમાં એક વ્યક્તિની હાલત ગંભીર છે.